# વાઈબ્રન્ટ ઓન્લી ફોર વીઆઈપી...?

# સંખ્યાબંધ મુલાકાતીઓને એકઝીબીશન દ્વારેથી જ હાંકી કાઢયા...!

## સમયની સ્પષ્ટતાનો અભાવ અને તંત્રના અણઘડ વહીવટથી વિવિધ જિલ્લાઓમાંથી પ્રદર્શન જોવા હોંશે હોંશે આવેલા મુલાકાતીઓ ઠેબે ચઢયા

ગાંધીનગર, તા.૮

શહેરના સે-૧૭ ખાતે ખુલ્લા મુકવામાં આવેલા એકઝીબીશન સેન્ટર ગ્લોબલ ટ્રેડ શૉ નિહાળવા વિવિધ જિલ્લાઓમાંથી આવેલા સંખ્યાબંધ મુલાકાતીઓને હડધૂત કરીને પ્રવેશદ્વારેથી જ કાઢી મુકાયા હતાં. સમયની સ્પષ્ટતાનો અભાવ તથા અણઘડ નિર્ણયોને પગલે કેટલાય મુલાકાતીઓને વાઈબ્રન્ટનો ધરમ ધક્કો થયો હતો. જો કે મુલાકાતીઓ હજુ પણ એકઝીબીશનની એન્ટ્રીના સમય અંગે વિમાસણમાં છે.

'વાઈબ્રન્ટ ઓન્લી ફોર વીઆઈપી' જેવી સ્થિતિ ઉભી થવા પામી છે. દેશ વિદેશના લોકોને બોલાવીને તેમના સ્વાગત માટે લાલ જાજમ પાથરવામાં આવી રહી છે ત્યારે જે ગુજરાતની પ્રજાના પૈસે આખો જાયજેન્ટીક કાર્યક્રમ કરવામાં આવ્યો છે તે જ પ્રજાને આદરથી પ્રવેશ આપવાને બદલે હડધૂત કરીને બહારથી જ સિકયુરીટીએ કાઢી મુકયા...! એક તરફ સરકારે ગ્લોબલ ટ્રેડ શૉ (એકઝીબીશન સેન્ટર) પ્રજા માટે ખુલ્લુ મુકયાની મોટી મોટી જાહેરાતો કરતાં વિવિધ જિલ્લાઓમાંથી પ્રજા હોંશે હોંશે આ શૉ જોવા ગાંધીનગર આવી હતી. કેટલીય મહિલાઓ ઘરકામ પતાવીને સમય નિકાળી ટ્રેડ શૉ માં છે શું..? તે નિહાળવા આવી હતી! પરંતુ સંખ્યાબંધ આવા મુલાકાતીઓને બહારથી જ કાઢી મુકવામાં આવતા નિસાસા નાંખીને ગયા હતાં. તંત્રના અણઘડ નર્ણયો, સમયની સ્પષ્ટતાના અભાવે મુલાકાતીઓએ ઠેબે ચઢવાનો વારો આવ્યો હતો.





# બંદોબસ્તમાં તૈનાત પોલીસને ખાવા-પીવાનાં વાઈબ્રન્ટ વલખાં

## પોલીસવાન ફુડ પેકેટ લઈને પહોંચે ત્યાં જ પડાપડી થવા લાગે : પીવા માટે પાણીના માત્ર બે જ પાઉચ : હોમગાર્ડને જમવા ત્રણ થેપલા ને મરચુ..!

ગાંધીનગર, તા. ૮

વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા તથા સલામતી માટે ત્રણ દિવસથી રાજ્યભરમાંથી પોલીસ બોલાવીને ગાંધીનગર ખડકી દેવામાં આવી છે. ફરજમાં સોંપેલા પોઈન્ટ પર તૈનાત પોલીસ પાસે જ્યારે ફરતી-ફરતી પોલીસવાન આવે ત્યારે ફૂડ પેકેટ અને બે પાઉચ મળે..! ત્યાં સુધી ચા ની ચુસ્કી તો દૂરની વાત છે. પરંતુ પાણીનું પાઉચ પણ મળતુ નથી કે લેવા પણ જઈ શકતુ નથી. બંદોબસ્તમાં તૈનાત આ પોલીસ કર્મીઓને ખાવા-પીવાના 'વાઈબ્રન્ટ' વલખા છે.

વાઈબ્રન્ટ બંદોબસ્તમાં મુકવામાં આવેલા છ હજારથી વધુ પોલીસ કર્મચારી-અધિકારીઓ માટે ફુડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે. જે પોલીસવાન લઈને દરેક પોલીસ પોઈન્ટ પર જવાનોને પહોંચાડવા જાય. પરંતુ પોલીસ વાન ફરતી-ફરતી બે થી ત્રણ વાગે કેટલાક પોલીસ જવાનો સુધી પહોંચે છે જેથી ફુડ પેકેટની પોલીસવાન દેખાય કે તરત ભુખ્યા ને તરસ્યા બંદોબસ્ત સંભાળી રહેતા જવાનો પડાપડી કરી મુકે છે.

ફૂડ પેકેટ પહેલા તે પાણીનાં બે પાઉચ પર તરાફ મારે છે. કેમ કે પોઈન્ટ છોડીને ક્યાંય જઈ શકાતુ નથી અને આસપાસ કોઈ પાણીની વ્યવસ્થા નથી..! પુરી-શાક ભરેલુ ફુડ પેકેટ અને તેની સામે માત્ર બે પાઉચ પોલીસને આપવામાં આવે છે. તે ઉપરાંત બંદોબસ્તમાં તૈનાત હોમગાર્ડ જવાનોને જમવા માટે ત્રણ જેટલા થેપલા અને મરચુ આપી દેવામાં આવે છે. વીવીઆઈપીઓના વાઈબ્રન્ટ સમિટમાં તેમની જ સુરક્ષા માટે તૈનાત કરવામાં આવેલા પોલીસ જવાનો ખાવા-પીવાના આ મોટી સમસ્યાને નજરઅંદાજ કરીને પોતાની ડ્યુટી પર ધ્યાન કેન્દ્રીત કરીને વાઈબ્રન્ટના દિવસો પસાર કરે છે..!

# ગ્લોબલ ટ્રેડ શોમાં મુલાકાતીઓને આકર્ષવા નતનવા નુસખા!

## સ્ટોલ્સ પર મુલાકાતીઓનું ધ્યાન ખેંચવા ગોલ્ફ કાર, પપેટ શો, મેજીક, સંગીત મંડળી અને ગોલ્ફની રમત

ગાંધીનગર, તા.૮

સે-૧૭ હેલીપેડ મેદાન સ્થિત ગ્લોબલ ટ્રેડ શૉમાં વિવિધ કંપનીઓ ભાગીદાર બની છે. રીલાયન્સ, એસ્સાર, અદાણી, ટાટા ઉપરાંત સરકારના વિવિધ બોર્ડ નિગમોના સ્ટોલ્સ પણ જોવા મળી રહ્યા છે. ૧ લાખ સ્કવેર મીટરથી વધુ વિશાળ જગ્યામાં પથરાયેલા ભવ્ય ગ્લોબલ ટ્રેડ શૉમાં જુદી જુદી કક્ષાના બિઝનસ સ્ટોલ ઉપરાંત અન્ય આર્કષણો પણ જોવા મળી રહ્યા છે. વિવિધ કંપની કક્ષાએ મુલાકાતીઓને આર્કષવા માટે નતનવા નુસખા અજમાવ્યા છે. આ પૈકી કેટલાક સ્ટોલ્સ પર ગોલ્ફ જેવી રમત, મેજીક શૉ ઉપરાંત વાંજીત્રો સાથે કલાકારોને બેસાડવામાં આવ્યા છે.

પપેટ શૉ પણ કરવામાં આવી રહ્યો છે. ગ્લોબલ ટ્રેડ શૉની મુલાકાતે આવતા નાગરિકોને સ્ટોલ પરથી જરુરી માહિતી ઉપલબ્ધ થાય તે માટે પણ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. સ્ટોલ્સ પર આવતા મુલાકાતીઓને ચોકલેટ આપવામાં આવે છે. ગ્લોબલ ટ્રેડ શૉની વિઝીટમાં આવતા વી.આઈ.પી. મહેમાનો અને આમંત્રિત મહાનુભાવોની અવર જવર માટે ૧૦ જેટલી ગોલ્ફ કાર પણ ફરતી જોવા મળે છે. વિશાળ ટ્રેડ શૉમાં આવતા સિનિયર સિટીઝન તેમજ વિકલાંગ વ્યકિતને પણ ગોલ્ફ કારમાં બેસાડી લાવવા લઈ જવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મુલાકાતીઓ માટે કોફી શૉપ પણ ઉભી કરવામાં આવી છે.





# ગાંધીનગરમાં મજબૂત સલામતી વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૮

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પ્રવાસી ભારતીય દિવસ કાર્યક્રમને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અરેબિયન દરિયામાં ટેરર બોટના બનાવના અનુસંધાનમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. પ્રવાસી ભારતીય દિવસનો આ વખતે વધારે ઉત્સાહ છે. કારણ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા સાથે પણ ખુબ જ નજીકના સંબંધો સ્થાપિત કર્યા છે. પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ કાર્યક્રમને લઈને હજારો સુરક્ષઆ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સમગ્ર ગાંધીનગર છાવણીમાં ફેરવાઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મહત્તમ સુરક્ષા આપવામાં આવી હતી.


આ ઉપરાંત,પોલીસ હાઈએલર્ટ ઉપર છે. તા. ૭થી ૧૩ સુધી અમદાવાદમાં ૧૫,૦૦૦ પોલીસકર્મી, અધીકારીઓ સ્ટેન્ડ ટુ રહેશે. સ્થાનિક ૧૦,૦૦૦ પોલિસકર્મી અને અધિકારીઓ ઉપરાંત બહારથી ૬ ડીસીપી, ૧૦ ડીવાય.એસ.પી., ૨૦ પી.આઈ., એસઆરપીની ૮ કંપની, આરએએફ ની બે કંપની, ચેતક કમાન્ડો ફોર્સના બે યુનિટ, ૧૦૦ સીસીટીવી કેમેરા ઉપરાંત એનએસજી કમાન્ડો સહીતનો કાફલો તહેનાત કરવામાં આવ્યો છે. અમદાવદમાં તા. ૭થી ૧૩ સુધી શાહીબાગ ઉપરાંત અન્ડરબ્રિજની એરપોર્ટ સુધીનો રસ્તો બંધ છે. એરપોર્ટ આસપાસના અનેક માર્ગો બંધ છે પણ વિદેશી મહાનુભાવો શહેરની મધ્યમાં આવેલી ૧૭ હોટલોમાં રહેવાના છે. ૧૦૦ જેટલા મહાનુભાવો કાફલા પોલીસ એસ્કોર્ટ હેઠળ ટ્રાફિક વચ્ચેથી પસાર થશે. અમદાવાદ શહેર અને ગાંધીનગરમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

# ગ્લોબલ ટ્રેડ શો માં મેરીટાઈમ બોર્ડનું રસપ્રદ મ્યુઝિયમ

## ગુજરાતના વિવિધ પોર્ટ, જહાજો અને દરિયાઈ દુનિયાની ઈમેજ : ક્વીઝ માટે બે સ્ક્રીન પણ ગોઠવાયા

ગાંધીનગર, તા. ૮

ગ્લોબલ ટ્રેડ શૉ માં ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા વિવિધ પ્રકારની શિપના મોડેલ્સ અને રસપ્રદ વિગતો દર્શાવતુ મ્યુઝીયમ ઉભુ કરાયું છે. મેરીટાઈમ બોર્ડના મ્યુઝીયમમાં દરિયાઈ વહાણમાં દીશા નક્કી કરવા ઉપયોગમાં લેવાતા વિવિધ હોકાતંત્ર ઉપરાંત દૂરથી જહાંજ જોઈ શકાય તે મુજબના સાધનો પણ મુકવામાં આવ્યા છે. શિપીંગને લગતી ઈમેજ લગાવવા ખાસ આમંત્રિત મહેમાનો માટે થ્રી ડી મોબાઈલ પણ છે. મ્યુઝિયમમાં ડેમો શીપ ઉપરાંત વિવિધ પ્રકારના જહાજના મોડેલ્સ તૈયાર કરી ક્રેમમાં ફીટ કરવામાં આવ્યા છે. દરિયાઈ દુનિયાની આર્ટીફીશીયસ ઈમેજ ઉભી કરી ગુજરાતના ૧૨ જેટલા જુદા જુદા પોર્ટ દર્શાવાયા છે. શીપ કેવી રીતે બને છે અને તુટે છે તે અંગેની માહિતી અને ચિત્રો પણ મ્યુઝિયમમાં તાદશ્ય થઈ રહ્યા છે. આ ઉપરાંત મ્યુઝિયમની મુલાકાતે આવનારા નાગરિકો માટે ક્વીઝનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ માટે બે સ્ક્રીન મુકવામાં આવ્યા છે. ક્વીઝ માટે ગોઠવાયેલા આ સ્ક્રીનમાં વિવિધ પોર્ટને લગતા પ્રશ્નોના ઉત્તરો સહીતની સઘળી માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દરિયાઈ અને શિપીંગને લગતી રસપ્રદ બાબતોને આ મ્યુઝિયમ હેઠળ આવરી લેવામાં આવી છે.



# મોદીએ સંબોધનમાં શું કહ્યું

- પ્રવાસીઓને જે કંઈપણ વચન આપ્યા હતા તે હવે પુરા થયા છે
- પીઆઈઓ કાર્ડ ધારકોની સમસ્યા દૂર કરી દેવામાં આવી છે
- પીઆઈઓ અને ઓસીઆઈને મર્જ કરવાથી દરેકને એક સમાન લાભ મળશે
- એનઆરઆઈ લોકોને પુરતી તકો આપવા માટે ભારત ઉત્સુક છે
- સ્વચ્છતા અભિયાન અને મા ગંગાની સફાઈમાં પ્રવાસી ભારતીય યોગદાન આપે તે જરૂરી
- ગંગાના કિનારા વધુ વિસકિત થાય તે જરૂરી છે
- લોકોને શકયતા ચકાસવા વિદેશમાં જવાની જરૂર પડશે નહીં
- આજે પણ ગાંધીના વિચાર વિશ્વને પ્રેરણા આપે છે
- વિશ્વમાં ભારતની તાકાત વધી છે, દુનિયાની અપેક્ષાઓ ભારતથી વધુ ગઈ છે
- દુનિયાભરમાં ભારતની કુશળતાની નોંધ લેવાઈ છે
- ભારત કો જાનો નામથી એક ઓનલાઈન સ્પર્ધા શરૂ કરવાની જરૂર છે જેનાથી ભારતીયો ભારત અંગે વધુ માહિતી મેળવી શકશે
- ૧૦૦ રૂપિયાનો સિક્કો જારી કરવામાં આવ્યો
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તેમની પહેલને ૧૭૭ દેશોએ સમર્થન આપ્યું હતું જે હજુ સુધી સંયુક્ત રાષ્ટ્રના ઈતિહાસમાં રેકોર્ડ છે
- દેશ અને દુનિયામાં ભારતીય લોકોએ નવી આશા જગાવી છે



## મહાત્મા મંદિર ખાતે વાઈ વાઈ ફાઈ મીડિયા સેન્ટર

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહેલા પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૫ દરમિયાન મહાત્મા મંદિર ખાતે ખાસ મીડિયા સેન્ટર શરૂ કરવામાં આવ્યુ છે. આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રવાસી ભારતીય દિવસના ઉદ્ઘાટન સમારોહમાં દેશ વિદેશથી કવરેજ માટે પધારેલા મીડિયાકર્મીઓએ વાઈ ફાઈથી સજ્જ મીડિયા સેન્ટરમાં ૧૦૦ થી વધુ કોમ્પ્યુટરની મદદથી રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક પત્રકારોએ પોતાની મેટર ઓનલાઈન ફાઈલ કરી હતી. મોડી સાંજ સુધી ધબકતા રહેતા આ મીડિયા સેન્ટરમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા દ્વારા દરરોજ સાંજે પ્રેસ કોન્ફરન્સનું પણ આયોજન થઈ રહ્યું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૨૫**

**સૂર્યાસ્ત : ૬.૦૯**

### તાપમાન

**મહત્તમ : ૨૮.૦ ડિ.સે.**

**લઘુત્તમ : ૧૦.૦ ડિ.સે.**

### ભેજનું પ્રમાણ

**સવારે ૮૮ ટકા ● સાંજે ૩૫ ટકા**

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્ક્રીન-૧ :**

તેવર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

તેવર : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,

**સ્ક્રીન-૩ :**

આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

પી.કે. : ૧.૦૦, ૭.૦૦

**સિનેમેક્સ**

**: સ્ક્રીન-૧ :**

તેવર : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦

**: સ્ક્રીન-૨ :**

તેવર : ૧૦.૦૦, ૧.૨૦, ૪.૪૦, ૮.૦૦

**સ્ક્રીન-૩ :**

તેવર : ૧૧.૧૫, ૨.૩૫, ૯.૦૦

બે યાર (ગુજરાતી) : ૫.૫૫

**સ્ક્રીન-૪ :**

આ તે કેવી દુનિયા (ગુજરાતી) : ૧૦.૨૦, ૪.૧૦, ૧૦.૦૦

પી.કે. : ૧૨.૫૫, ૬.૪૫

### આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

### ચિરવિદાય

- સ્વ. પૂંજાજી જેણાજી સોલંકી (ઉ.વ.૫૫) મુ. બોરીજ, નવા પરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન ચૂનલાલ જાની (ઉ.વ.૯૨) ગામ - રૂપાલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તીભાઈ કલ્યાણજીભાઈ ચૌહાણ (ઉ.વ.૮૪) સેક્ટર-૧ ઉના કાચા છાપરાં, ગાંધીનગર